ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# તાલુકા પંચાયતની સભા આજે ચૂંટણી વિના મુલ્તવી રહી

## ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં સોશિયલ ડિસ્ટન્સીંગના લીરા ઉડ્યા : ભાજપનું બળ પ્રદર્શન લોકજીભે ટીકાનું પાત્ર બન્યુ : તંત્રની જડબેસલાક વ્યવસ્થાને પગલે વારંવાર શાબ્દીક ઘર્ષણના પણ દૃશ્યો સર્જાયા

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની ચૂંટણી માટે આજે મળેલ ચૂંટણી અધિકારી એ.ડી. જોશીએ ચૂંટણી મુલ્તવી રાખી સભા મોકુફ રાખવાની જાહેરાત કરી હતી. ઉશ્કેરાયેલા સભ્યોએ એક તબક્કે ખુરશીઓ પણ વ્હેલમાં ફેંકી હતી અને માઈકોને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ.



સામાન્ય સભામાં નવ સભ્યોને મતદાન અધિકાર આપો તેવી માંગ સાથે ભાજપના સભ્યો દ્વારા સર્જાયેલ અફડાતફડીના વાતાવરણ અને વારંવાર સોશિયલ ડિસ્ટન્સીંગનો સભ્યો દ્વારા ભંગ કરાતાં

સતત ૪૫ મિનિટ સુધી ભાજપના સભ્યોએ નવ સભ્યોને સભાખંડમાં પ્રવેશ આપો, તેમનો મતાધિકાર છીનવવાનો અધિકાર તમને નથી, જેવા સૂત્રો અને માંગ સાથે સભાખંડમાં માહોલ છિન્નભિન્ન કરી દીધો હતો. આ

અધ્યાશી અધિકારી એ.ડી. જોશીએ શરૂઆતમાં મચક આપી ન હતી અને વારંવાર સભ્યોને વિનંતી કરી તેમનુ સ્થાન લેવા જણાવ્યુ હતુ. ભાજપના સભ્યો વારંવાર માસ્ક ઉતારી અને જોર જોરથી તેમની રજુઆતો કરવા આગળ આવી જતા હતા અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ પાલન કરતા ન હતા.

આ પછી અધ્યાશી અધિકારીએ પણ તેમને મળેલ સત્તાની રૂપે આ બેઠક મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ કે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન ના થાય તે સાંખી શકાય નહિ. અમે પણ વારંવાર આ માટે સભ્યોને વિનંતી કરી હતી પરંતુ પરિસ્થિતિ થાળે ના પડતાં આ સભા મુલ્તવી રાખવામાં આવી છે.

સામાન્ય સભાની તારીખ નવી જાહેર કરો તેની માંગ સાથે કોંગીના સભ્યોએ સભાખંડમાં જ ધરણા કરી અને રામધુન બોલાવી હતી.

પરિસ્થિતિ પર સતત ફોન દ્વારા નજર રાખી રહેલા કોંગીના ધારાસભ્યો અને અન્ય નેતાઓ તાત્કાલિક તાલુકા પંચાયત ખાતે પહોંચ્યા હતા. એટલુ જ નહિ આ પછી તેઓ સભ્યો સાથે કલેક્ટર ઓફિસ જઈ કલેક્ટરને ઉગ્ર રજુઆત કરી જણાવ્યુ હતુ કે બે દિવસમાં જો નવી તારીખ જાહેર નહિ થાય તો આ મુદ્દે સમગ્ર જિલ્લામાં કોંગ્રેસ દ્વારા આંદોલન છેડી દેવામાં આવશે અને અમે લોકોની સાથે રોડ પર આવીશુ. જેની સમગ્ર જવાબદારી તંત્રની રહેશે.

આજે તાલુકા પંચાયતમાં નવા હોદ્દેદારોની વરણી થવાની હતી તેથી જિલ્લાભરમાંથી બન્ને પક્ષના આગેવાનો અને કાર્યકરો તાલુકા પેચાયત કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. જેને લઈ પણ સોશિયલ ડિસ્ટન્સીંગના લીરેલીરા ઉડ્યા હતા.

૪૫ મિનિટ સુધી સભાને કાબુમાં લેવાના અધ્યાશી અધિકારીના પ્રયાસો નિષ્ફળ જતા તેમણે સભા મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### તાલુકા પંચાયતના કાર્યકારી પ્રમુખ તરીકે જગાભાઈએ ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રહેલા શોભનાબેન વાઘેલાની બેઠક રદ થતાં તેમનુ સભ્યપદ જતાં આજે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જગદીશભાઈ પટેલે પ્રમુખ તરીકે કાર્યકારી ચાર્જ સંભાળ્યો હતો અને ભાજપના આગેવાનોએ તેમના આ નવા હોદ્દાને લઈ હાર પહેરાવી સન્માનિત પણ કર્યા હતા.

### શોભનાબેન સહિતના સભ્યોને પ્રવેશ ના અપાયો

આજે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ભાજપના ૬ અને કોંગ્રેસના ૩ સભ્યોના સભ્યપદ રદ થવા અંગેના જાહેરનામાને લઈ નવ સભ્યોને તંત્ર દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

તાલુકા પંચાયત ખાતે ભાજપના અગ્રણી આઈ.બી. વાઘેલા અને પંચાયતની કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદ સોલંકી વચ્ચે શાબ્દીક ટપાટપી અધ્યાશી અધિકારીની હાજરીમાં થઈ હતી.

### અધ્યાશી અધિકારી દાદરો ચડી સભાખંડમાં પહોંચ્યા

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા માટે નિમાયેલા અધ્યાશી અધિકારી આજે સભામાં હાજરી આપવા માટે લિફ્ટના બદલે દાદરા ચડી અને ત્રીજા માળે પહોંચ્યા હતા.

લિફ્ટ માટે કાર્યકરોનો ઘસારો ભારે હોવાથી તેઓએ દાદરા ચડવાનું જ મુનાસિબ માન્યુ હતુ.

### ભાજપના સભ્યોએ બળ પ્રદર્શન કર્યુ : કોંગ્રેસ

આજની સામાન્ય સભામાં ભાજપને તેની સત્તા જતી દેખાતાં તેના સભ્યોએ બળ પ્રદર્શન કર્યુ હતુ. વ્હેલમાં તેમણે ખુરશીઓ ફેંકી એટલુ જ નહિ માઈકો પણ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસના આગેવાનોએ આ અંગે કાયદેસરની વસુલી ભાજપના સભ્યો પાસેથી કરી તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ પણ કરી હતી.

## ૧૧મીથી ઉપવાસ આંદોલનની મંજૂરી આપો નહિતર તારીખ જાહેર કરો : ધારાસભ્યો

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની વરણી માટે નવી તારીખ ૨૪ કલાકમાં જાહેર નહિ કરવામાં આવે તો ૧૧મીથી સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલનની મંજૂરી આપવાની માંગણી કોંગીના આગેવાનો દ્વારા કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને મળેલા ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા અને બળદેવજી ઠાકોર, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાની નીચે તાલુકા પંચાયતના સભ્યોએ લેખિતમાં આ માંગણી કરી છે.

ધારાસભ્યોએ કહ્યુ કે કાયદો ભાજપના સભ્યોએ હાથમાં લઈ પાટનગરમાં જ લોકશાહીની હત્યા કરતા વરવા દૃશ્યો કરી અને કોરોનાની મહામારીના અંચળા હેઠળ સામાન્ય સભા મુલ્તવી રાખવાનો નિર્ણય અયોગ્ય છે. તેમણે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયામાં અવરોધ ઉભા કરનારાઓ સામે કાનૂની રાહે પગલાં લેવા જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક પહેરી વાત ન કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી તંત્રએ કરવી જોઈએ. તાલુકા પંચાયતમાં સત્તા જતી રોકવા જે બળ પ્રદર્શન ભાજપે કર્યુ છે તે નિંદનીય છે. અમે આ વલણને વખોડીએ છીએ.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં એક ઈંચ વરસાદથી સેકટરોમાં પાણી પાણી



### બપોરે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઇ આવ્યા પલવારમાં જ વરસાદ ખાબકયો : એક ઇંચ વરસાદના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં પાણીનો ભરાવો : સિઝનનો ૩૪ ઇંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર તા ૯
ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ઉંચકાયો હતો. ભાદરવો તપતા નગરજનો આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા હતા જયારે વરસાદી વાદળો પણ આકાશમાંથી વિખેરાઈ ગયા હતા. જો કે થોડા દિવસના આકાશી ઉજાસ બાદ આજે આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાયા હતા. બપોરના સમયે નાટયાત્મક વાતાવરણ પલ્ટાના અંતે ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો પલવારમાં જ એક ઈંચ જેટલો વરસાદ વરસી જતા સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં સિઝનનો ૮૪૦ મી મી વરસાદ થયો છે.


**ગિરિનારાયણ બ્રાહ્મણ અવસાન**



**શ્રી પ્રતાપભાઈ નરોતમ ઠાકર**
(નિવૃત હિસાબનીશ,PIU ઉ.૮૦ વર્ષ)
તા. ૦૭-૦૯-૨૦૨૦ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે
પ્લોટ નં.૧૨૮૫, સેક્ટર-૨૭, ગાંધીનગર
વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને બેસણું રાખેલ નથી.
લતાબેન પ્રતાપભાઈ ઠાકર - મો.63540 24231
હિના રાજેશભાઈ અધિકારી મો.97267 62417
લેખા આસીશભાઈ પુરોહીત મો.94265 01875



**જાહેર ચેતવણી**

આથી અમો નીચે સહી કરનાર દશરથભાઈ ભગવાનદાસ પટેલ અને શ્રીમતી ભીખીબેન દશરથભાઈ પટેલ (બંને ઉ. વ. પુખ્ત) ધર્મે હિન્દુ, હાલ રહે. પ્લોટ નંબર ૮૬૯ /૨, સેક્ટર-૨ (સી) ગાંધીનગર જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારો પુત્ર નામે વિપુલકુમાર દશરથભાઈ પટેલ (ઉંમર ૩૭ વર્ષ) જે અમારાં કહ્યામાં રહ્યો નથી. અમારે તેની સાથે કોઈ સંબંધ નથી. અમારી કોઈપણ સ્થાવર જંગમ મિલકતમાં તેનો કોઈ હક્ક હિસ્સો રહેતો નથી કે રહેશે નહીં. જેથી તેની સાથે કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારની નાણાંકીય કે અન્ય કોઈપણ પ્રકારની કોઈ જ લેવડદેવડ કરવી નહીં. તેમ છતાં જો આવી લેવડદેવડ કરવામાં આવશે તો તેની સમગ્ર જવાબદારી તે વ્યકિતની જ રહેશે. તેમાં અમારી કોઈ જ જવાબદારી રહેશે નહીં. જેની જાહેર જનતાએ આ ચેતવણીથી નોંધ લેવી.



ગાંધીનગર
તા. ૯/૯/૨૦૨૦

લી.
દશરથભાઈ ભગવાનદાસ પટેલ અને
શ્રીમતી ભીખીબેન દશરથભાઈ પટેલ



**WANTED**

TEACHERS FOR SHREE J.M.CHAUDHARI ENG. MED. SCHOOL SECONDARY & HIGHER SECONDARY SECTION

1. M.A., B.Ed. - (Eng., Sanskrit) - 1
2. M.A., B.Ed. - (Eng., History, Psychology) - 1
3. M.Com., B.Ed. - (B.A., Economics) - 1

Send your application, along with certified Xeroxed copies of marksheets and certificates by R.P.AD. to the Management - in 15 days.

(Bring your original certificates and mark sheets inevitably on the date of interview)

**જોઈએ છે (આચાર્ય)**

શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. પ્રાથમિક વિદ્યાલય ગુજ.માધ્યમ માટે આચાર્યની જરૂરીયાત છે.

યોગ્ય લાયકાતવાળા ઉમેદવારોએ નીચેના સરનામે રજી.એડી થી પ્રમાણિત પ્રમાણપત્રો સાથે દિન પંદરમાં અરજી કરવી

લાયકાત - બી.એ, બી.એસ.સી., બી.કોમ / બી.એડ
અનુભવ - ઓછામાં ઓછા પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ

પ્રમુખ/મંત્રી
**શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર**
માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ
એસ.ટી. ડેપો સામે, સે-૭, ગાંધીનગર-૩૦૨૦૦૭ (મો.) ૯૪૨૭૩ ૭૫૩૭૫


## આજે મુખ્યમંત્રી રૂપાણી જિલ્લાના ખેડૂતો સાથે ગોષ્ઠી કરશે

**ખેડૂત કલ્યાણના સાત કદમ યોજનાનું ઈ.લોન્ચીંગ મુખ્યમંત્રી દ્વારા કરાશે**

ગાંધીનગર, તા. ૯
રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા રાજયમાં 'ખેડૂતોના કલ્યાણ માટે સાત કદમ' યોજનાનું ઈ.લોન્ચીંગ કરશે. ગાંધીનગરનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રાંધેજા-મોઢેશ્વરી માતાની વાડી ખાતે યોજવામાં આવ્યો છે.

આ ઈ.લોન્ચીંગ દરમ્યાન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જિલ્લાના ખેડૂતો સાથે વિડીયો કોન્ફરન્સીંગથી ગોષ્ઠી કરશે અને રાજય સરકારે ખેડૂતોના કલ્યાણ માટે નક્કી કરેલા સાત કદમ અંગેની વિસ્તૃત રીતે સમજ આપશે. આ ઈ.લોન્ચિંગ વખતે જિલ્લામાં મુખ્યમંત્રી પાક સરંક્ષણ યોજના અંતર્ગત જિલ્લાના ૨૨૦૦થી વધુ ખેડૂતોને સહાય આપવામાં આવશે આ ઉપરાંત ખેડૂત ઉત્પાદન વહન યોજના અંતર્ગત ૧૦૦ થી વધુ ખેડૂતોને વાહન ખરીદી માટે સહાયના ચેક આપશે.

## શહેરમાં કોરોના કેસો ૯૫૦ની નજીક

### શહેરમાં આજે નોંધાયેલા ૧૪ કેસમાં સે. ૫ માંથી ૪ કેસ, સે. ૨ માંથી ૩ કેસ, સે. ૩ માંથી ૨ કેસ, ઉપરાંત સે. ૧૫, સે. ૨૮, સે. ૨૨, સે. ૨૩ અને સે. ૧ માંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૪ કેસ મળી આવ્યા હતા. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૯૪૯ પર પહોંચી છે.

આજે શહેરમાં સાઈના રિજીયોનલ ડાયરેક્ટર, બેંક ઓફ ઈન્ડિયાનો તાલીમાર્થી, સિની. ક્લાર્ક, તબીબ, આશ્રમશાળાના શિક્ષિકા, પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ ડી.વાય.એસ.પી. કોરોનાની ઝપટમાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૪ કેસમાં સે. ૫ માંથી ૪ કેસ, સે. ૨ માંથી ૩ કેસ, સે. ૩ માંથી ૨ કેસ, ઉપરાંત સે. ૧૫, સે. ૨૮, સે. ૨૨, સે. ૨૩ અને સે. ૧ માંથી કેસો મળ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. બીજી તરફ શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારાતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની કામગીરીમાં પણ ભારે વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં રિજીયોનલ ડાયરેક્ટર તરીકે ફરજો બજાવતા અને સે. ૧૫માં રહેતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨ માંથી આજે વધુ ૩ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. અત્યંત સંવેદનશીલ બનેલ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સની સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું કડક અમલીકરણ તેમજ કન્ટેનમેન્ટના નિયમોનું પાલન પણ કડક વલણ સાથે કરવાની સૂચનાઓ તંત્રએ આપી છે.

સે. ૨ માં રહેતા અને અભ્યાસ કરતા એક ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માંથી એક ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગુરૂગાંવમાં તબીબ તરીકે સેવાઓ આપતા અને સે. ૨ માં રહેતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તબીબને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૮ માંથી એક ૪૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

### સચિવાલયમાં વધુ આઠ કર્મચારીઓ કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૯
દરરોજ હજ્જારો કર્મયોગીઓ, મહાનુભાવો અને મુલાકાતીઓની અવરજવર રહે છે તેવા સચિવાલયમાં વધુ આઠ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવ્યા છે. સચિવાલય કોરોનાનુ હોટસ્પોટ બન્યુ છે.

**બુધવારે નવા સચિવાલયમાં ૭૨૯ કર્મયોગીઓના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા**

નવા સચિવાલયમાં કોરોનાના ટેસ્ટની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થતાં સરકારી કર્મચારીઓમાં કોરોના પોઝીટીવ આવવાનો સીલસીલો ચાલુ રહેતા કર્મચારીઓના રેપીડ એન્ટીજન ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. સતત એક અઠવાડિયાથી કરાઈ રહેલા ટેસ્ટમાં દરરોજ ચારથી આઠ જેટલા કર્મીઓના રીપોર્ટ પોઝીટીવ આવતા ફફડાટ ફેલાયો છે.

સચિવાલય જેવો વીવીઆઈપી ગણાતો વિસ્તાર હોટસ્પોટ બની રહ્યો છે. સચિવાલયમાં દરરોજ મોટી સંખ્યામાં કર્મચારીઓની અવરજવર રહે છે. વળી તેઓ જુદા જુદા વિસ્તારોમાંથી અપડાઉન કરતાં હોવાથી કોરોના સંક્રમણ ફેલાવવાનો ખતરો રહે છે. છેલ્લા કેટલાક દિવસોથી સરકારી કર્મયોગીઓના રીપોર્ટ પોઝીટીવ આવતા કર્મયોગીઓ ભયમાં મુકાયા છે. મનપા અને આરોગ્યતંત્રની ટીમ દ્વારા સતત રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. બુધવારે એક જ દિવસમાં ૭૨૯ કર્મયોગીઓના ટેસ્ટ કરવામાં આવતા આઠ કર્મયોગીઓના કોરોના પોઝીટીવ આવતા તેમની સારવાર શરૂ કરવામાં આવી છે.




## સતત ત્રીજા દિવસે પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ કેસ નોંધાયા

### ગાંધીનગર તાલુકામાં ૧૫, કલોલમાં ૩ અને દહેગામમાં ૨ કેસ

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે સતત ત્રીજા દિવસે પણ કોરોનાના ૨૦ નવા કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં કેસોની સાથે ડેથરેટ પણ જે ઝડપે વધી રહ્યો છે તેથી તંત્ર માટે નવા પ્રશ્નો ઉભા કરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાંથી ૧૫, કલોલમાંથી ૩ અને દહેગામમાંથી ૨ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરઢવમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. રૂપાલમાંથી પણ ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ અને કોરોના માટે અતિ સંવેદનશીલ વિસ્તાર કુડાસણમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૧૭ વર્ષીય કિશોરી અને ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી પણ આજે વધુ ૨ કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. અહિંથી ૩૬ વર્ષીય પુરૂષ અને ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના જમીયતપુરા ગામેથી આજે ૩ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જમીયતપુરા ગામેથી ૨૮ વર્ષીય યુવાન, ૩૨

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com